સિટી એક્ટિવિટી
દિવ્ય ભાસ્કર
અમદાવાદ, શનિવાર, ૧૮ જુલાઇ ૨૦૦૯

# આમ સંભાળાય સ્પેશિયલ બાળકોને

**સિટી રિપોર્ટર** | અમદાવાદ

ડિસેબલ બાળકો માટે કાર્ય કરતી સેતુ ડેવલપમેન્ટલ ઇન્ટરવિઝન સેન્ટર દ્વારા થેરાપી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હાલમાં જુહાપુરા, વેજલપુર અને જીવરાજપાર્ક વિસ્તારનાં ડિસેબલ બાળકોની માતાને થેરાપી અંગેની તાલીમ આપવામાં આવી હતી. આ વિસ્તારનાં લગભગ ૧૦ જેટલાં બાળકોએ તેમની માતા થેરાપીનો લાભ લીધો હતો. બાળકોનાં પેરેન્ટ્સને આવાં બાળકોને કઇ રીતે થેરાપી દ્વારા સારવાર કરી શકાય તે અંગે માર્ગદર્શન અપાયું હતું.

સંસ્થા દ્વારા ડિસેબલ બાળકોને થેરાપી દ્વારા સારવાર આપવાની તાલીમ પણ આપવામાં આવે છે. આ સંસ્થાનાં પાયલબહેને જણાવ્યું હતું કે અમે આ પ્રકારનાં બાળકોને તેમની માતા સાથે બોલાવીને તેમને થેરાપી અંગેની તાલીમ આપીએ છીએ જેથી માતા આવાં બાળકોને થેરાપી દ્વારા સેવા કરી શકે છે. ડિસેબલ બાળકોની સેવા માટે ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, પિડિયાટ્રિશિયન અને સ્પેશિયલ એજ્યુકેશનના નિષ્ણાતોની ટીમ દ્વારા સારવાર અંગેની માહિતી આપવામાં આવી હતી.



બાળકો માટે યોજાયેલા થેરાપી કેમ્પમાં સારવાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

4 દિવ્ય ભાસ્કર અમદાવાદ, ગુરુવાર, ૨ એપ્રિલ ૨૦૦૯

# બાળકોમાં ભાષાકીય-સામાજિક અવરોધ ઊભો કરતો 'ઓટિઝમ'

## આજે 'વિશ્વ ઓટિઝમ ડે'

**ભાસ્કર ન્યૂઝ** | અમદાવાદ

થલતેજ વિસ્તારમાં રહેતાં શિલ્પાબહેન પટેલના ૬ વર્ષીય પુત્ર સ્મિત જ્યારે છ મહિનાનો હતો ત્યારે તેને નામથી બોલાવતા કે રમકડું રમવા આપવા છતાં કોઈ પ્રતિભાવ આપતો ન હતો. ચાઇલ્ડ ન્યુરોલોજિસ્ટ પાસે લઈ જતાં તેને 'ઓટિઝમ' હોવાનું નિદાન થતા તેને સારવાર માટે ઇન્ટરવેન્શન સેન્ટરમાં સારવાર બાદ હવે તે દરેક વાતનો પ્રતિભાવ આપે છે, અને સામાન્ય બાળકની જેમ વર્તણૂક કરે છે.

૨જી, એપ્રિલે 'વિશ્વ ઓટિઝમ દિવસ' તરીકે ઊજવાય છે, ત્યારે જાણીને આંચકો લાગશે કે, ભારતમાં દર એક હજારે એક બાળક જ્યારે ગુજરાતમાં બે લાખ અને અમદાવાદમાં ૨૫ હજારથી વધુ બાળકો આ રોગનો શિકાર હોવાની સંભાવના છે.

'સેતુ ઇન્ટરવેન્શન સેન્ટર'નાં પ્રોજેક્ટ મેનેજર રજનીશ સિન્હાએ જણાવ્યું હતું કે, ૦થી ૫ વર્ષનાં બાળકો ભાષાકીય-સામાજિક અવરોધ ઊભો કરતો રોગ છે. વાલીઓમાં અવેરનેસને અભાવે બાળકની સારવાર મોડી શરૂ થાય છે. બાળકનું એકજગ્યાએ ગોળ-ગોળ ફરવું, હાથની આંગળીઓ-હથેળીઓને સતત હલાવ્યા કરવું, પગના પંજા પર ચાલવું, આંખના ખૂણામાંથી જોવું, તેમજ બાળકને બોલાવવા છતાં જવાબ ન આપે, બેધ્યાનપણું, અતિચંચળ અને હાયપર એક્ટિવ જેવાં લક્ષણો મુખ્ય છે.

ઇન્ટરવેન્શન સેન્ટરમાં ક્વોલિફાઇડ પ્રોફેશનલ દ્વારા દરરોજ બે કલાક બાળક સાથે માતાને પણ ટ્રેનિંગ અપાય છે. આ રોગને વિકલાંગતા ગણીને કેન્દ્ર સરકાર દ્વારા 'નિરામયા' મેડિકલ પોલિસી અંતર્ગત ૧ લાખ સુધી સારવાર ખર્ચ અપાય છે.



ઓટિઝમ ગ્રસ્ત બાળક સ્મિત